# ‘હેપ્પી મધર્સ ડે’ સન્નારી



# સામાન્ય સ્ત્રીઓનો અસામાન્ય સંઘર્ષ

**સ્ત્રી કોમળ હૃદયની હોય છે. ભગવાને તેની રચના એટલી ઋજુતાથી કરી છે કે તેને શરીર પર જરા સરખો ઉઝરડો પડશે તો તે રડી રડીને આખો મહોલ્લો ગજવી દેશે. તેની આંખોમાંથી નીકળતી અશ્રુધારાથી તેનો પરિવાર પણ હચમચી જશે. આ જ સ્ત્રીને તેની આબરૂ પર જરા સરખી આંચ ના આવે, તેના બાળકને યાતનાઓમાંથી મુક્તિ અપાવવા માટે રણચંડી બનતા વાર નહીં લાગે. રૂમમાં ગરોળીને જોઈને કે પછી કોક્રોચ જોઈને ભયના માર્યા ચીસ પાડી ઊઠનારી સ્ત્રી વિકટ પરિસ્થિતિઓ સામે એકલા હાથે લડીને પોતાની હિંમતનો પરિચય આપશે. એવી અનેક સ્ત્રીઓ હોય છે જેણે પોતાના સપનાનું આકાશ મેળવવા ડગલે ને પગલે સંઘર્ષોનો સામનો કર્યો હોય. ઉચ્ચ હોદ્દાઓ પરની મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ ઉઠાવતી સ્ત્રીનું અગર કોઈ બાળક શારીરિક પીડાઓમાં સપડાયું હોય ત્યારે તે માતાને અનેક મોરચે લડવું પડે છે. પતિનો પૂરતો સાથ ના મળે તો તેને આર્થિક મોરચે પણ લડવું પડતું હોય છે. આવી સ્થિતિઓમાં પણ હાર ના માનનારી માતા એકલે હાથે જંગ લડીને પોતાનાં બાળકોનું રક્ષણ પણ કરશે અને તેના કાર્યક્ષેત્રનું ઉત્તરદાયીત્વ પણ બખૂબી નિભાવશે. તો ચાલો આવતીકાલે ‘મધર્સ ડે’ ને લઈને સુરતની બે એવી સબળા નારીઓને મળીએ અને એમની સંઘર્ષ અને સિદ્ધિની ગાથાને જાણીએ...**




## ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેનો રાહ આસન નહોતો: ડો. બાલી ભલાણી



ડો. બાલી ભલાણી લાઇમલાઇટમાં રહ્યા વગર સાયલન્ટલી સીનિયર સાયકોલોજીસ્ટ તરીકે સુરત સિટી પોલીસ દ્વારા ચલાવવામાં આવતી આત્મહત્યા નિવારણ હેલ્પલાઇનમાં ફરજ બજાવે છે. તેઓ અનિસ સંસ્થા સાથે પણ જોડાયા છે. તેઓ માટે અહીં સુધી પહોંચવું આસન નહોતું. તેમનો જન્મ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના એક નાનકડા ગામના ખેડૂત પરિવારમાં થયો હતો. તેમણે જણાવ્યું કે, ‘‘12મા ધોરણ સુધી તો સ્કૂલની ફી 10 રૂપિયા હતી. જો કે પુસ્તકો ક્લાસમાં મારી આજુબાજુ બેસતા તેમની પાસેથી મેળવી ભણી લેતી.’’ ડો.બાલી ત્યાર બાદ બોલતા થોડા અટકી ગયાં અને પછી તેમણે એક ઊંડો શ્વાસ લીધો અને પછી કહ્યું, ‘‘કોલેજના ફર્સ્ટ યરમાં આવી ત્યારે મારો ખરો સંઘર્ષ ચાલુ થયો. ઘરમાંથી આગળ ભણવા માટે પરમિશન આપવામાં નહીં આવી, તો મેં ઉપવાસ ચાલુ કરી દીધા. બધાં સમજાવતાં પણ હું મારા નિર્ણય પર અડગ રહી કે જ્યાં સુધી એડમિશન નહીં થાય ત્યાં સુધી હું નથી ખાવાની. પછી એવી શર્ત પર મને પરમિશન આપવામાં આવી કે, જો ફેલ થઈશ તો પછી ઘરમાં ભણવા માટે જિદ નહીં કરવાની. આ સંઘર્ષથી હું વધુ મજબૂત બની. મારો આત્મવિશ્વાસ વધ્યો. જો કે હજી પણ કોલેજની ફીનો પ્રશ્ન મારી સામે ઊભો હતો. મેં કામ કરવાનું સ્ટાર્ટ કર્યું. કોલેજ જતી ત્યારે સાથે છાશની થેલીઓ લઈ જતી અને રસ્તામાં તે વેચતી. એ રીતે પૈસા ભેગા કરતી. ભાવનગરમાં B.A., M.A. કર્યું એ દરમિયાન મને યુનિવર્સિટી થકી માઉન્ટ આબુમાં રોક ક્લાઈમ્બિંગનો ચાન્સ મળ્યો હતો. માઉન્ટેનિયરિંગની ટ્રેનિંગ ઇન્ટરનેશનલ લેવલ સુધીની પાસ કરી હતી અને હિમાલયના 6 શિખરનું આરોહણ કર્યું હતું. અમદાવાદમાં ક્લિનિકલ કાઉન્સેલિંગ સાયકોથેરાપી અને સાયકોલોજીકલ ટેસ્ટિંગ અને ડાયગ્નોસીસનો બે વર્ષનો ડિપ્લોમા કર્યો પણ ત્યારે એની ફી ભરવા માટે મને મારા કલીગ માઉન્ટેનિયર તારકભાઈ પટેલે મદદ કરી. તેમની ઓફિસમાં મને જોબ આપીને. એડવેન્ચરની એક્ટિવિટીઝ માટે મને ઇન્સ્ટ્રક્ટર તરીકે હાયર કરાતી એમાં મને જે પૈસા મળતા તેમાંથી હું મારો ખર્ચો ઉઠાવતી. મને સમાજે એક રૂપિયાની મદદ નહીં કરી. એવો સમય પણ આવ્યો હતો કે મારી પાસે ખાવા માટેના પૈસા પણ નહોતા. બે વર્ષનો કોર્સ પૂર્ણ થયા બાદ હું ભાઈના ઘરે સુરત આવી અને ત્યારે 2013માં ત્યારના IGP હસમુખ પટેલે કુટુંબ સહાયતા કેન્દ્રની ગ્રામ્ય લેવલ પર શરૂઆત કરી હતી ત્યાં મારી ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. 2014 નવેમ્બરમાં મેં પસંદગીના મેરેજ કર્યા એમાં પણ પરિવારની નારાજગી હતી.’’ ડો. બાલીએ જણાવ્યું કે, ‘‘VNSGUમાં મને સાયકોલોજી સબ્જેક્ટમાં Ph.D. માટે એડમિશન મળ્યું. એમાં હું નસીબદાર એટલા માટે હતી કે, આ સબ્જેક્ટ માટે માત્ર એક જ સીટ હતી અને તેમાં મને એડમિશન મળ્યું હતું. મને Ph.D. થવામાં 6 વર્ષ લાગ્યાં. હું Ph.D. થઈ ત્યારે મારા ફાધરે ખુશ થઈને મને ફોન કર્યો હતો.’’



## મોટી દીકરીનું IQ લેવલ નોર્મલ નથી તેના માટે અલગથી ટાઇમ મેનેજમેન્ટ કરું છું

ડો. બાલીની મોટી 10 વર્ષની દીકરી દ્વિજાનું IQ લેવલ બીજાં બાળકો કરતાં ઓછું છે. તેને ભણાવવા હું અલગથી ટાઇમ મેનેજમેન્ટ કરું છું. દ્વિજાની સ્ટડી માટે હું જ્યારે કોઈ કેસના સમાધાન માટે ગાડીમાં જતી હોઉં ત્યારે દ્વિજાને સાથે લઈ જાઉં અને ગાડીમાં તેનું જ્ઞાન વધારવા માટેના લેશન કરાવું. તેની થિયરી પુઅર છે પણ વિઝ્યુલાઇઝેશન સારું છે. તેને હું રનિંગ કરાવું, ડ્રોઈંગ કરતા શીખવાડું. એ રીતે હું ઘરના કામના સમય દરમિયાન એક્સ્ટ્રા ટાઇમ આપું. એક મા છું, મારી દીકરી વિશે કોઈ આડુંતેડું બોલી જાય ત્યારે એક મા કઈ રીતે સહન કરી શકે! સ્કૂલમાં બાળકો તેની મજાક ઉડાવતા ત્યારે આ બાબતે મેં સ્કૂલ ટીચર અને પ્રિન્સિપાલ સાથે ચર્ચા કરી તો સ્કૂલમાંથી મને કહેવામાં આવ્યું કે તમે તમારી દીકરીનું મેન્ટલી રિટાર્ડેડ હોવાનું સર્ટિફિકેટ લઈ લાવો. ત્યારે મારે સ્કૂલ સામે પણ ફાઈટ આપવી પડી હતી અને કહ્યું હતું કે, મારી દીકરી બોર્ડર લાઇન પર છે તે નોર્મલી ભણી શકે છે. તેનું હું મેન્ટલી રિટાર્ડેડનું સર્ટિફિકેટ ના કઢાવું. આજે હું જે પોસ્ટ પર છું તેના માટે સમાજ આજે મને કહે છે કે તે સારું કર્યું છે પણ અફસોસ એ વાતનો છે કે મને જરૂર હતી ત્યારે સમાજે મને સાથ નહીં આપ્યો.’’

## જરૂર પડે તો બંને દીકરીઓને સાથે લઈ જઈને કેસમાં સમાધાન માટે જવું પડે છે

ડો. બાલીએ જણાવ્યું કે, ‘‘મારા હસબન્ડ મનોજ લુષ્ટે એડવોકેટ છે. તેઓ મને ઘણા સપોર્ટિવ રહ્યા છે. સામાજિક રીતરિવાજોના બંધનમાંથી તેમણે મને મુક્ત રાખી. અડધી રાત્રે પણ મારે સમાધાન માટે જવાનું હોય ત્યારે તેઓ ઘણા ફ્લેક્સીબલ રહે છે. અમારી બે દીકરીઓ છે તેમની જવાબદારી તેઓ ઉઠાવી લે છે. અમારી નાની દીકરી તો હજી દોઢ વર્ષની જ છે. મોટી દીકરી દ્વિજા જ્યારે નાની હતી ત્યારે તો તેને કેરી બેગમાં ઊંચકીને લઈ જતી. જો મારા હસબન્ડ બીજી હોય અને તેમણે ટાઇમ ના મળે તો સમાધાન કરાવતી વખતે મારે બંને દીકરીઓને સાથે લઈ જવા પડે છે ’’





**અહીં મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, ડો. બાલી ગામડામાં રહીને અને સંઘર્ષોનો સામનો કરીને સારું ભણ્યા અને ડોક્ટરેટ કર્યું. તેઓ પોતાના સ્પેશ્યલ ચાઈલ્ડની સારી સારસંભાળ લઈને આજે સમાજની સેવા કરે છે. તે ખરેખર એક માતા અને એક સ્ત્રીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે**

## કારકિર્દીમાં આવા પણ અનુભવ થયા

ડો. બાલીએ જણાવ્યું કે, ‘‘અમે સમાધાન કરાવવાનું, લોકોનાં ઘરો તૂટતાં બચાવવાનું કામ કરીએ છીએ ત્યારે અમને આવા પણ અનુભવ થતા હોય છે. બીજો કિસ્સો આવો પણ હતો કે, કડોદરા ચલથાણમાં એક કેસમાં હસબન્ડે વાઇફને મારી હતી. અમારી ટીમ તેમના ઘરે પહોંચી અને અમે હસબન્ડ-વાઈફ વચ્ચે સમાધાન કરાવ્યું. પછી હસબન્ડે કંપનીમાં જવું હતું તો અમને અમારી ગાડીમાં થોડે સુધી બેસાડવા રિક્વેસ્ટ કરી. અમે એ ભાઈને ગાડીમાં બેસાડી તેણે જ્યાં કહ્યું ત્યાં ઉતાર્યા. રાત્રે તે ભાઈ ઘરે નહીં પહોંચ્યા તો તે સ્ત્રીએ અમારી ટીમ પર કેસ કર્યો. મેં CCTV ફૂટેજ ચેક કરાવી તે ભાઈને ક્યાં ઉતાર્યા હતા તે બતાવ્યું પછી તો તે ભાઈ તેની કંપનીમાં જ મળ્યા. તેણે ઘરે નહોતું જવું. અન્ય એક કિસ્સામાં કીમમાં એક કપલે લવ મેરેજ કર્યા હતા. લગ્નનાં બે વર્ષ બાદ બંને વચ્ચે ખટરાગ થતાં અમે કપલ વચ્ચે સમાધાન કરાવ્યું. તેના બે દિવસ બાદ તે સ્ત્રી કોઝવે આત્મહત્યા માટે પહોંચી અને મને ફોન કરીને કહેવા લાગી હું મરી જાઉં છું પણ તમારાં નામ લખીને જઇશ. આવા કિસ્સા મારી સાથે થયા છે. અમે મદદ કરવા જઈએ પણ એવું પણ થતું હોય છે કે અમને ભેરવી દેવામાં આવતા હોય છે ’’

## સિંગલ પેરેન્ટ નિશાબેને દીકરી માટે ઝળહળતું કેરિયર દાવ પર લગાવ્યું

એક સ્ત્રી તેની કારકિર્દીના ટોચ પર હોય છે અને જ્યારે તેને ખબર પડે કે તેના બાળકને શારીરિક તકલીફ ઊભી થઈ છે. બાળક તેના કલેજાનો ટુકડો હોય છે એટલે તે પોતાના બાળકને નોર્મલ કન્ડિશનમાં લાવવા હાંફળીફાંફળી હોસ્પિટલોના ચક્કરો કાપે છે, હસબન્ડના સપોર્ટ માટે નિઃસાસા નાખતી હોય છે, હસબન્ડ આર્થિક ટેકો આપે છે પણ તેના તરફથી મળવી જોઈતી હૂંફ નથી મળતી ત્યારે તે પરિસ્થિતિને વશ થવાને બદલે એકલા હાથે પોતાના બાળકની સલામતી માટે, સ્વાસ્થ્ય માટે ઝઝૂમતી રહે છે, જરૂર પડે પોતાનું કરિયર દાવ પર લગાવી દે છે. આમ ને આમ આશાનિરાશા વચ્ચે તેનાં વર્ષો નીકળતાં હોય છે ત્યારે શું તે સ્ત્રી હથિયાર નીચે મૂકી દે છે કે યોદ્ધાની જેમ રણમેદાનમાં ટકી રહે છે? આપણે આવી જ એક ‘મા’ ના સંઘર્ષની વાત અહીં કરીએ. નિશા તલાટી 2021થી સિંગલ પેરેન્ટ છે. બે દીકરીઓની માતા નિશા તલાટીને તમે જ્યારે મળશો ત્યારે તેમના ફેસ પરનું સ્મિત જોઈને તમને એવું લાગશે જ નહીં કે તેમણે વર્ષોવર્ષ સંઘર્ષોનો સામનો કર્યો છે. સંઘર્ષ એટલે જન્મના 4 મહિનામાં જ વેકસીનેશનના સાઈડ રિએક્શને કારણે સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો) માં સપડાયેલી બીજા નંબરની દીકરીને ચાલતી કરવી. મુંબઈમાં જન્મેલા નિશા તલાટી 15 વર્ષ બાદ પેરેન્ટ્સ સાથે સુરત આવ્યાં. તેમણે અહીં જ સ્કુલિંગ કર્યા બાદ માર્કેટિંગમાં MBA કર્યું. 23 વર્ષની ઉંમરે લગ્ન કરી અમદાવાદ શિફ્ટ થયાં. તેમણે ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ કરી પોતાના કરિયરને ગિયર આપ્યું. 2004માં ફર્સ્ટ બેબીનો જન્મ થયો. ઘણી મોટી કંપનીઓમાં જોબ કરી ચૂકેલાં નિશાબેને દીકરીને સમય આપવા જોબ છોડી પોતાની ટ્રેનિંગ કંપની સ્ટાર્ટ કરી. ચાર વર્ષ બહુ જ સરસ કામ કર્યું પણ પછી 2010માં બીજા નંબરની ડોટર કરિશ્માનો જન્મ થયો. કરિશ્મા જન્મના 4 મહિના નોર્મલ હતી પણ વેકસીનેશનમાં સાઈડ રિએક્શન આવતા તેને વેન્ટિલેટર પર મૂકવી પડી. ત્રણ મહિના સતત દીકરી સાથે નિશાબેન હોસ્પિટલમાં રહ્યાં. પછી દીકરીને મુંબઈ લઈ ગયાં. તેને શ્વાસની તકલીફ પડતી હોવાથી મુંબઈમાં તેની ટ્રેકિયોસ્ટોમી સર્જરી કરાઈ. આ સર્જરીમાં ગળામાં ટ્યુબ નાખવામાં આવી જેથી તે શ્વાસ લઈ શકે. આ ટ્યુબને કારણે તે બોલે તો પણ તેનો અવાજ લોકો ને નહીં સંભળાતો જાણે તેના શબ્દો હવામાં ઓગળી જતા. દીકરીની આ કન્ડિશનને કારણે નિશાબેને પોતાની કરિયરને થોડા સમય આરામની સ્થિતિમાં મૂકવી પડી એટલે કે પોતાના બિઝનેસમાંથી બ્રેક લેવો પડ્યો. 24 કલાક માત્ર દીકરીનું શું થશે તેના વિચારો તેમને ઘેરી વળતા. દીકરીની ચિંતા ને ચિંતામાં ઊંઘ વેરણ બની ગઈ હતી. ભૂખ લાગે પણ કોળિયો ગળાની નીચે નહીં ઊતરતો. ડોક્ટરે કહ્યું કે, કરિશ્માના માઈલ સ્ટોન એચિવ નથી થયા. તે ઊભી નથી થઈ શકતી. MRI માં તેને સેરેબ્રલ પાલ્સીથી પીડાઈ રહી છે તેની જાણ થઈ. તેના માટે ફિઝિયોથેરાપી રેકમન્ડ કરાઈ. એક આશા બંધાઈ કે ફિઝિયોથેરાપી સ્ટાર્ટ થતાં કરિશ્મા ચાલી શકશે પણ પછી જાણવા મળ્યું કે તે પિરિયડમાં આવશે એટલે તેની સર્જરી કરવાની રહેશે. 13 વર્ષની ઉંમરની થાય તે માટે વર્ષો લાગશે. ત્યારે હું નિરાશ થઈ હતી. મોટી દીકરી પ્રિશાના સ્કૂલનું જોવાનું, નાની દીકરીને ફિઝિયોમાં વિવિધ થેરાપી માટે લઈ જવી. મારી દુનિયા આ જ બની ગઈ. હું બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે તેનાથી બેખબર રહેતી. મને તો બસ મારી દીકરી જ દેખાતી તે ક્યારેક ચાલતી થશે બસ આ જ ચિંતા મને સતાવતી. કોઈએ વેલ્લોરમાં સીએમસી હોસ્પિટલમાં દીકરીને લઈ જવાનું કહ્યું ત્યાં હું ત્રણ ત્રણ મહિના જઈને તેની થેરાપી કરાવતી. મને એવા જ વિચાર આવતા કે તે ક્યારે ચાલવા લાગશે, તેની લાઈફ ટ્રેક પર કઈ રીતે લાવવી. હસબન્ડનો આર્થિક સપોર્ટ મળતો પણ ઇમોશનલ સપોર્ટ વધારે નહીં મળતો. મને ખ્યાલ આવ્યો કે મારો જંગ મારે જ લડવાનો હતો. સીએમસીમાં ફિઝિયોથેરાપી માટે દીકરીને લઈ જવા લાગી અને ત્યાં જ મારી લાઈફનો ટર્નિંગ પોઇન્ટ આવ્યો. મેં સ્થિતિને સ્વીકાર્ય કરી. મારી દીકરી પણ પોતાની શારીરિક તકલીફોને દૂર કરવા ઘણું સારું કરતી અને મારું થીંકીંગ પોઝિટિવ થયું. લોકો કહેતાં હોય છે કે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન હોય છે પણ મારા કેસમાં ઊલટું હતું. મને ઘણી સ્ત્રીઓએ મોરલ સપોર્ટ આપ્યો. મારાં મમ્મી જયશ્રી તલાટી એક બિઝનેસ લેડી છે, મારી બંને દીકરીઓ પ્રિષા અને કરિશ્મા, મારી બેસ્ટ ફ્રેન્ડ કુંજન અને ખાસ કરીને અનિસ સંસ્થાનાં ગીતાબેન શ્રોફ. આ એવી સ્ત્રીઓ મારા જીવનમાં આવી છે જેમણે મારું મનોબળ મજબૂત બનાવી રાખવામાં મને સપોર્ટ કર્યો.’’ હું અનિસ સંસ્થા સાથે કામ પણ કરું છું.



## Top 5 Awards of Nisha Talati

1. NDTV India HR Excellence Award 2026
2. National Award for Quality Excellence in Training &Development, New Delhi by Indian Quality Assurance Council
2. National Entrepreneurship Award for the most inspiring Entrepreneurs by MSDE
3. Women of Substance Award by SGCCI
4. Young Creative Entrepreneur by British Council
5. Leadership Model of Excellence by Indian Society of Training &Development

## સમાજ આવાં બાળકોને એક્સેપ્ટ કરવા તૈયાર નથી થતો

નિશા તલાટીએ જણાવ્યું કે, ‘‘મારી દીકરીને વ્હીલચેર પર જોઈ લોકો દીકરા તું કેમ છે એવું નહીં પૂછતાં પણ તમારી દીકરીને શું થયું તેવું પૂછતાં. સમાજ આવાં બાળકોને સ્વીકારતો નથી. મારી દીકરી પણ આ સમજવા લાગી હતી. દીકરીને સ્કૂલમાં એડમિશન મેળવવા પણ ઘણી ફાઈટ આપવી પડી. સ્કૂલો એડમિશન આપતી નહોતી. તેઓ આવાં બાળકોને જવાબદારી ગણે છે. મારે દીકરીની સ્કૂલમાં એડમિશન માટે RTE (રાઈટ ટુ એજ્યુકેશન) નો સહારો લેવો પડ્યો હતો.’’



## ફરી કરિયર સ્ટાર્ટ કરી, હસબન્ડથી છૂટી પડી, દીકરીની સર્જરી કરાવી: નિશા તલાટી

2019માં સુરત શિફ્ટ થયા પછી મેં મારી કરિયર ફરી સ્ટાર્ટ કરી. હું રીડિંગ અને સ્કેચિંગ કરતી જ હતી. હવે ઓનલાઈન કોર્સિસ સ્ટાર્ટ કર્યા. મેં લખવાનું સ્ટાર્ટ કર્યું. શહેરની જાણીતી વ્યક્તિઓના કોન્ટેક્ટથી ઘણી તકો મેળવી. રાજ્ય સરકારની યોજનાઓ વિશે બુક્સ લખી. ફરી કરિયર સ્ટાર્ટ થવાની સાથે મેં મારું કોન્ફિડન્સ લેવલ પાછું મેળવ્યું. 5 સિટીમાં મહિલા લીડર્સને ટ્રેનિંગ આપી. ઘણી સંસ્થાઓના ઓર્ગનાઇઝેશનના સ્ટાફને ટ્રેનિંગ આપું. હું L&T, AMNS, Adani, Aaditya Birla, Torrent Power, Zydus group, Hare Krishna Export વગેરે મોટી કંપનીના સ્ટાફને તેમના પર્ફોર્મન્સ અને બિઝનેસ ગ્રોથ માટે ટ્રેનિંગ આપું છું. મેં દેશ-વિદેશમાં USA, Sri Lanka, Malaysia, South Africa વગેરેમાં એક લાખ લોકોને ટ્રેઈન કર્યા છે. મેં એટલું સારું કામ કરી બતાવ્યું કે મને નેશનલ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી હતી. જો કે કોવિડ સમય આવ્યો અને દીકરીને થેરાપી માટે વેલ્લોર લઈ જઈ શકતી નહોતી. 2021માં લાઈફમાં ઘણું પરિવર્તન આવ્યું. હું અને હસબન્ડ કેટલાંક કારણોથી સેપરેટ થયાં. સેપરેશન પછીનું એક વર્ષ ઘણું ડીફિકલ્ટ હતું. હું ગિલ્ટ અનુભવતી હતી કે સેપરેશનને કારણે મારી દીકરીઓને તેમના ફાધરની છત્રછાયા ગુમાવવી પડશે પણ મારી મોટી દીકરી પ્રિષા કે જેણે SVNIT Collegeમાંથી એન્જિનિયરીંગ કર્યું છે અને અમદાવાદમાં એક મોટી મલ્ટીનેશનલ કમ્પનીમાં સારા પેકેજ પર જોબ કરે છે તે મારી હિંમત બની. કરિશ્મા નવમા ધોરણમાં હતી ત્યારે તેની સર્જરી થવાની હતી પણ તે થઈ શકી નહોતી જે તે દસમા ધોરણમાં આવી ત્યારે થઈ. વન ટાઈમમાં જ તેની સાત સર્જરી થઈ. દોઢ મહિનો તે પગ વાળી શકતી નહોતી ત્યારે હું પણ બહુ રડી છું.’’

**સાઉથ આફ્રિકામાં 900થી વધુ લોકોને ટ્રેઈન કર્યા**

## 7 સર્જરી પછી મારો રી-બર્થ (પુનર્જન્મ) થયો હોય તેવું ફીલ કરું છું: કરિશ્મા



15 વર્ષની કરિશ્માને તમે મળશો તો તેના ચહેરા પર સદા સ્મિત રેલાતું જોવા મળશે. તેના ચહેરા પર જરાક પણ દર્દની લકીર નહીં જોવા મળે. રમતિયાળ સ્મિત, હસમુખો ચહેરો જોતા પહેલી વાર મળનાર વ્યક્તિને એવું લાગશે જ નહીં કે આ માસૂમ દીકરીએ સાત સાત સર્જરીની પીડા સહન કરી હશે. કરિશ્માએ જણાવ્યું કે, ‘‘વર્ષો બાદ મને વ્હીલચેરથી મુક્તિ મળી છે. એક વર્ષ પહેલાં મારું ઓપરેશન થયું હતું. નો ડાઉટ ઓપરેશન પછી 15 દિવસ મારા માટે ઘણા પીડાદાયક હતા પણ હું હિંમત નહોતી હારી. મેં પ્રયત્નો ચાલુ રાખ્યા. જ્યારે હું પહેલી વાર જાતે વ્હીલચેર પરથી મારા પગ પર ઊભી થઇ ત્યારે મેં પહેલી વાર મારા પગ પર મારા શરીરના વજનનો ભાર અનુભવ કર્યો અને મને લાગ્યું કે, મારો રી-બર્થ થયો છે. મારો પુનર્જન્મ થયો છે. એક રીતે મિરેકલ કહી શકાય પણ મિરેકલ કરતાં મારા એફર્ટસનું આ ફળ હોવાનું માનું છું. મને જિંદગીએ સેકન્ડ ચાન્સ આપ્યો હોવાનું મેં ફિલ કર્યું. હું જીવનમાં ઘણી વાર રડી છું. અઠવાડિયાના પાંચ દિવસ હું રડતી પણ હું કદી હિંમત નથી હારી. હું હવે વ્હીલચેર વગર સ્કૂલ જાઉં છું. મારું દસમા ધોરણનું રિઝલ્ટ પણ સારું આવ્યું છે. મારા બહુ બધા ફ્રેન્ડ્સ નથી પણ હું પોતાને ઘણી બધી એક્ટિવિટીઝમાં બીઝી રાખું છું. હું જે રીતે મહેનત કરી રહી છું મને વિશ્વાસ છે કે હું સ્વતંત્ર રીતે ચાલવા પણ લાગીશ, કોઈના પણ સહારા વગર. જો કે, એને ઘણો સમય લાગશે પણ હું સ્વતંત્ર રીતે ચાલીને બતાવીશ.

## ધો. 10 માં 77 ટકા માર્કસ મેળવ્યા

કરિશ્માએ કહ્યું કે, ‘‘મને સારું જીવન અપાવવા મારાં મમ્મી નિશાબેને મારા માટે ઘણો સંઘર્ષ કર્યો . મારી થેરાપી 5-6 કલાક ચાલતી અને એ સમયે મમ્મી મારી સાથે રહેતી. મને સારી ટ્રીટમેન્ટ મળી પણ મને એવો વિચાર પણ આવે છે કે મેં જે શારીરિક ચેલેન્જીસનો સામનો કર્યો એવા રૂરલ એરિયાનાં બાળકો પણ ફેસ કરતાં હશે પણ તેઓ સારી ટ્રીટમેન્ટ નહીં પણ કરાવી શકતા હશે. દસમા ધોરણમાં આવી ત્યારે તો મારા 6 મહિના તો સર્જરી અને તેમાંથી રિકવરીમાં ગયા પછી તો બહુ ઓછો સમય હતો મારી પાસે બોર્ડ એક્ઝામની તૈયારી માટે પણ મેં સ્ટડી કરવામાં પાછું વળીને નહીં જોયું અને મેં 77% માર્ક્સ મેળવ્યા. હવે હું આર્ટસ ફેકલ્ટીમાં જઈને ભવિષ્યમાં ફોરેન્સિક સાયકોલોજીસ્ટ બનવા માંગું છું જેથી હું અપરાધભાવ ધરાવનારની સાયકોલોજીને સમજીને તેના જસ્ટિસ માટે કામ કરું અને સમાજને કઈંક આઆપું. હું બુક્સ બહુ જ વાંચું છું. મારી પાસે બુક્સનો ખજાનો છે. હું ફોટોગ્રાફી પણ કરું છું અને સારી લેખક છું અને કવિતાઓની રચના પણ કરું છું. મેં જીવનમાં નિરાશ થવાને બદલે પોઝિટિવ રહીને ચેલેન્જીસનો સામનો કર્યો છે.’’